See World with us..... Since 1998
**BHARAT DARSHAN TRAVELS**
Domestic & International Tour Organizer

# Kerala

*God's Own Country*

# DIWALI 2026 SPECIAL



See World with us....Since 1998
**BHARAT DARSHAN TRAVELS**
Domestic & International Tour Organizer


**BOOKING & INFORMATION:**

450, 4th Floor, Krupal Pathshala,
Near Kheti Bank, Opp. Chinubhai Tower,
Ashram Road, Ellisbridge,
Ahmedabad – 380009, Gujarat

+91 98242 76999
bharatdarshan1998@yahoo.com
www.bharatdarshantravel.com

Office Time: Monday to Saturday: 10:00 AM to 7:30 PM


Follow Us: Official Website Facebook Page Instagram Page

See World with us..... Since 1998
BHARAT DARSHAN TRAVELS
Domestic & International Tour Organizer

**6 Nights • 7 Days**

**God's Own Country**

## કોચીન - અથીરાપલ્લી વોટર ફોલ્સ - મુન્નાર થેક્કડી - એલપ્પી - જટાયુ પાર્ક - કોવાલમ બીચ - ત્રિવેન્દ્રમ

# Kerala






| કોચીન પહોંચવાની તારીખ | | કોચીન થી ત્રિવેન્દ્રમ 2 x 1 એ.સી. ટેમ્પો ટ્રાવેલર |
|---|---|---|
| | NOVEMBER : 05-06-07-08-09-10-11-12 | |
| | 13-14-15-18-20-22-24-26-30 | |
| | | |

| દિવસ | તારીખ | પ્રવાસની રૂપરેખા | રાત્રી રોકાણ |
|---|---|---|---|
| ૧. | | રેલ્વે સ્ટેશન થી એક જ સમય પર પીકઅપ કરી કોચીન હોટલ ઉપર આગમન, હોટલ ચેક ઈન બપોરે ૧૨.૦૦કલાકે, સ્વેચ્છાવિહાર, ખરીદી, રાત્રી ભોજન | કોચીન (એ.સી. રૂમ) |
| ૨. | | સવારે ચા-નાસ્તા બાદ કોચીન થી નીકળી વર્લ્ડ ફેમસ અથીરાપલ્લી વોટર ફોલ્સ જવા રવાના સાંજે મુન્નાર આગમન, હોટલ ચેક-ઈન, રાત્રી ભોજન | મુન્નાર |
| ૩. | | સવારે ચા-નાસ્તા બાદ મુન્નાર ની સૌથી ઉંચી જગ્યા રાજા મલાઈ ફોરેસ્ટની મુલાકાત (જ્યાં સુધી આપણી ગાડી જશે ત્યાં સુધી અને ત્યાર પછી ફોરેસ્ટ ના વ્હિકલમાં જંગલની મુલાકાત) બપોરે ભોજન બાદ મટ્ટુપટી ડેમ અને ઈકો પોઈન્ટ, રાત્રી ભોજન | મુન્નાર |
| ૪. | | સવારે ચા-નાસ્તા બાદ થેક્કડી જવા પ્રયાણ (અંદાજીત ૧૩૫ કીમી ૫.૦૦ કલાક) થેક્કડી આગમન, હોટલ ચેકઈન, બપોરે ભોજન બાદ પેરીયાર લેકની મુલાકાત, એલિફન્ટ રાઈડ, કલ્લારી / કથકલી શો અને માર્શલ આર્ટ શો , ઈલાયચી, તજ, લવીંગ, જાયફળ, તેજાના અને મરી-મસાલાની ખરીદી, રાત્રી ભોજન<br>પેરીયાર લેકમાં બોટીંગની ટિકિટ ઓન લાઇન બુક કરાવવા માટે www.periyartigerreserve.org | થેક્કડી |
| ૫. | | સવારે ચા-નાસ્તા બાદ એલપ્પી જવા પ્રયાણ (અંદાજીત ૧૪૦ કીમી., ૪ કલાક) એલપ્પી આગમન હોટલમાં ચેક-ઈન, બપોરે ભોજન બાદ બેક વોટરમાં બોટીંગની મજા, રાત્રી ભોજન. | એલપ્પી (એ.સી. રૂમ) |
| ૬. | | સવારે ચા-નાસ્તા બાદ ત્રિવેન્દ્રમ જવા પ્રયાણ (અંદાજીત ૧૯૦ કીમી, ૬ કલાક) રસ્તામાં જટાયુ અર્થ સેન્ટર વિઝીટ (રોપ-વે સ્વખર્ચે) ત્રિવેન્દ્રમ આગમન, કોવાલમ બીચની મુલાકાત બાદ , પદ્મનાભ સ્વામિ ટેમ્પલ વિઝીટ કરી , હોટલમાં ચેક-ઈન, રાત્રી ભોજન | ત્રિવેન્દ્રમ (એ.સી. રૂમ) |
| ૭. | | સવારે ચા-નાસ્તા બાદ હોટલ ચેક આઉટ કરી રેલ્વે સ્ટેશન એક જ સમય પર ડ્રોપ ની વ્યવસ્થા આપવામાં આવશે , અહી થી પ્રવાસીની અનુકુળતા મુજબ હોમટાઉન જવા રવાના. | પ્રવાસ પૂર્ણ |

## ટીકીટ ના દર પ્રતિ વ્યક્તિ
### રેલ્વે/એર ટીકીટ એકસ્ટ્રા

| ચાર વ્યક્તિ વચ્ચે રૂમ | ત્રણ વ્યક્તિ વચ્ચે રૂમ |
|---|---|
| ૧ ડબલ બેડના રૂમમાં ૪ વ્યક્તિ વચ્ચે રૂમ<br>૧ એકસ્ટ્રા મેટ્રેસ સાથે / સીટ સાથે | ૧ ડબલ બેડના રૂમમાં 3 વ્યક્તિ વચ્ચે રૂમ<br>૧ એકસ્ટ્રા મેટ્રેસ સાથે / સીટ સાથે |
| ₹. 19,499/- | ₹. 21,499/- |
| 2 Adult + 2 Child | 2 Adult + 1 Child |

| બે વ્યક્તિ વચ્ચે રૂમ | ૬ થી ૧૧ વર્ષનું બાળક |
|---|---|
| ₹. 23,499/- | ₹. 14,499/- |
| | (મેટ્રેસ વગર / સીટ સાથે) |

### આપ શું ખરીદશો ?

**થેક્કડી અને મુન્નાર :** ઈલાયચી, તજ, લવીંગ, જાયફળ, તેજાના અને ટાટા ટી **કોચીન :** સાડી, ડ્રેસ મટીરીયલ્સ,

### આપ શું પહેરશો ?

ત્રિવેન્દ્રમ-કોટ્ટાયમ-કોચીન જેવા મોટાભાગના સ્થળોનું વાતાવરણ ભેજવાળું, ગરમ રહેતું હોવાથી ઝીણાં કપડા સાથે રાખવા હિતાવહ છે. એલેપ્પી-થેક્કડી-મુન્નાર જેવા ગિરિમથકોએ ઠંડીનું પ્રમાણ રહેતું હોવાથી ગરમ કપડાં સાથે રાખવા જરૂરી છે.


Athirappilly Water Falls



એલપ્પીમાં હાઉસબોટમાં રાત્રી રોકાણ જોઈએ તો એના માટે રૂા. ૧૫૦૦ (વ્યક્તિ દીઠ) અલગથી ચૂકવવાનાં રહેશે.

Call us : 98242 76999

નોંધ : માહિતી, નિયમો અને વ્યવસ્થા જરૂરથી વાંચી સમજીને બુકીંગ કરાવો.

See World with us..... Since 1998
**BHARAT DARSHAN TRAVELS**
Domestic & International Tour Organizer

## 7 Nights • 8 Days

## God's Own Country

# Kerala

**કોચીન - અથીરાપલ્લી વોટર ફોલ્સ - મુન્નાર**
**થેક્કડી - એલપ્પી - જટાયુ પાર્ક - કોવાલમ બીચ**
**ત્રિવેન્દ્રમ - પુવાર આઈલેન્ડ -કન્યાકુમારી**






| કોચીન પહોંચવાની તારીખ | NOVEMBER : 05-06-07-08-09-10-11-12<br>13-14-15-18-20-22-24-26-30 | કોચીન થી ત્રિવેન્દ્રમ<br>2 x 1 એ.સી. ટેમ્પો ટ્રાવેલર |
|---|---|---|

| દિવસ | તારીખ | પ્રવાસની રૂપરેખા | રાત્રી રોકાણ |
|---|---|---|---|
| ૧. | | રેલ્વે સ્ટેશન થી એક જ સમય પર પીકઅપ કરી કોચીન હોટલ ઉપર આગમન, હોટલ ચેક ઈન બપોરે ૧૨.૦૦કલાકે, સ્વેચ્છાવિહાર, ખરીદી, રાત્રી ભોજન | કોચીન (એ.સી. રૂમ) |
| ૨. | | સવારે ચા-નાસ્તા બાદ કોચીન થી નીકળી વર્લ્ડ ફેમસ અથીરાપલ્લી વોટર ફોલ્સ જવા રવાના સાંજે મુન્નાર આગમન, હોટલ ચેક-ઈન, રાત્રી ભોજન | મુન્નાર |
| ૩. | | સવારે ચા-નાસ્તા બાદ મુન્નાર ની સૌથી ઉંચી જગ્યા રાજા મલાઈ ફોરેસ્ટની મુલાકાત (જ્યાં સુધી આપણી ગાડી જશે ત્યાં સુધી અને ત્યાર પછી ફોરેસ્ટ ના વ્હિકલમાં જંગલની મુલાકાત) બપોરે ભોજન બાદ મટ્ટુપટી ડેમ અને ઈકો પોઈન્ટ, એલિફન્ટ રાઈડ, રાત્રી ભોજન | મુન્નાર |
| ૪. | | સવારે ચા-નાસ્તા બાદ થેક્કડી જવા પ્રયાણ (અંદાજીત ૧૩૫ કીમી ૫.૦૦ કલાક) થેક્કડી આગમન, હોટલ ચેકઈન, બપોરે ભોજન બાદ પેરીયાર લેકની મુલાકાત, એલિફન્ટ રાઈડ, કલ્લારી / કથકલી શો અને માર્શલ આર્ટ શો , ઈલાયચી, તજ, લવીંગ, જાયફળ, તેજાના અને મરી-મસાલાની ખરીદી, રાત્રી ભોજન<br>પેરીયાર લેકમાં બોટીંગની ટિકિટ ઓન લાઇન બુક કરાવવા માટે www.periyartigerreserve.org | થેક્કડી |
| ૫. | | સવારે ચા-નાસ્તા બાદ એલપ્પી જવા પ્રયાણ (અંદાજીત ૧૪૦ કીમી., ૪ કલાક) આગમન, હોટલમાં ચેક-ઈન, બપોરે ભોજન બાદ બેક વોટરમાં બોટીંગની મજા, એલપ્પી બીચની મુલાકાત, રાત્રી ભોજન | એલપ્પી (એ.સી. રૂમ) |
| ૬. | | સવારે ચા-નાસ્તા બાદ ત્રિવેન્દ્રમ જવા પ્રયાણ (અંદાજીત ૧૯૦ કીમી, ૬ કલાક) રસ્તામાં જટાયુ અર્થ સેન્ટર વિઝીટ (રોપ-વે સ્વખર્ચે) ત્રિવેન્દ્રમ આગમન, કોવાલમ બીચની મુલાકાત બાદ , પદ્મનાભ સ્વામિ ટેમ્પલ વિઝીટ કરી , હોટલમાં ચેક-ઈન, રાત્રી ભોજન | ત્રિવેન્દ્રમ (એ.સી. રૂમ) |
| ૭. | | સવારે ચા-નાસ્તા બાદ રસ્તામાં પુવાર આઈલેન્ડ વિઝીટ કરી ભારતના દક્ષિણ છેડે (અરબી સમુદ્ર, હિંદ મહાસાગર અને બંગાળના ઉપસાગર) ત્રણ દરિયાનો સંગમ થાય છે તે કન્યાકુમારીની મુલાકાત (અં. ૧૦૦ કિ.મી. ૪ કલાક), વિવેકાનંદ મેમોરીયલ બોટ દ્વારા , રાત્રી ભોજન. | ત્રિવેન્દ્રમ (એ.સી. રૂમ) |
| ૮. | | સવારે ચા-નાસ્તા બાદ હોટલ ચેક આઉટ કરી રેલ્વે સ્ટેશન પર એક જ સમય પર ડ્રોપ ની વ્યવસ્થા આપવામાં આવશે , અહી થી પ્રવાસીની અનુકુળતા મુજબ હોમટાઉન જવા રવાના. | પ્રવાસ પૂર્ણ |

## ટીકીટ ના દર પ્રતિ વ્યક્તિ

### રેલ્વે/એર ટીકીટ એક્સ્ટ્રા

**ચાર વ્યક્તિ વચ્ચે રૂમ**
૧ ડબલ બેડના રૂમમાં ૪ વ્યક્તિ વચ્ચે રૂમ
૧ એક્સ્ટ્રા મેટ્રેસ સાથે / સીટ સાથે
**₹. 22,499/-**
2 Adult + 2 Child

**ત્રણ વ્યક્તિ વચ્ચે રૂમ**
૧ ડબલ બેડના રૂમમાં 3 વ્યક્તિ વચ્ચે રૂમ
૧ એક્સ્ટ્રા મેટ્રેસ સાથે / સીટ સાથે
**₹. 24,499/-**
2 Adult + 1 Child

**બે વ્યક્તિ વચ્ચે રૂમ**
**₹. 26,499/-**

**૬ થી ૧૧ વર્ષનું બાળક**
**₹. 16,499/-**
(મેટ્રેસ વગર / સીટ સાથે)

### આપ શું ખરીદશો ?

**થેક્કડી અને મુન્નાર :** ઈલાયચી, તજ, લવીંગ, જાયફળ, તેજાના અને ટાટા ટી **કોચીન :** સાડી, ડ્રેસ મટીરીયલ્સ,

### આપ શું પહેરશો ?

ત્રિવેન્દ્રમ-કોટ્ટાયમ-કોચીન જેવા મોટાભાગના સ્થળોનું વાતાવરણ ભેજવાળું, ગરમ રહેતું હોવાથી ઝીણાં કપડા સાથે રાખવા હિતાવહ છે. એલેપ્પી-થેક્કડી-મુન્નાર જેવા ગિરિમથકોએ ઠંડીનું પ્રમાણ રહેતું હોવાથી ગરમ કપડાં સાથે રાખવા જરૂરી છે.


Athirappilly Water Falls



એલપ્પીમાં હાઉસબોટમાં રાત્રી રોકાણ જોઈએ તો એના માટે રૂા. ૧૫૦૦ (વ્યક્તિ દીઠ) અલગથી ચૂકવવાનાં રહેશે.

Call us : 98242 76999

નોંધ : માહિતી, નિયમો અને વ્યવસ્થા જરૂરથી વાંચી સમજીને બુકીંગ કરાવો.

# અમદાવાદ / વડોદરા →
# કેરાલા (એર્નાકુલમ) ટ્રેન સમયપત્રક



**ADI / BRC → ERS / ERN**

## સોમવાર

**20924 Ten Humsafar**
ADI 09:15 → ERS મંગળવાર 18:10
32 કલાક 55 મિનિટ

**16337 Okha–ERS Express**
ADI 15:25 → ERS બુધવાર 02:50
35 કલાક 25 મિનિટ

**22654 NZM–TVC SF Express**
BRC 18:20 → ERS બુધવાર 01:45
31 કલાક 25 મિનિટ

## મંગળવાર

**19260 BVC–TVCN Express**
ADI 15:25 → ERN ગુરુવાર 02:05
34 કલાક 40 મિનિટ

**12432 TVC Rajdhani** ⭐
BRC 17:37 → ERS બુધવાર 21:25
27 કલાક 48 મિનિટ
(સૌથી ઝડપી)

## બુધવાર

**16311 Sgnar–KCVL Express**
ADI 07:35 → ERN ગુરૂવાર 17:35
34 કલાક

**20932 Indb–TVC Express**
BRC 05:06 → ERS ગુરુવાર 12:20
31 કલાક 14 મિનિટ

**12432 TVC Rajdhani** ⭐
BRC 17:37 → ERS ગુરૂવાર 21:25
27 કલાક 48 મિનિટ

## ગુરુવાર

**16333 VRL–TVC Express**
ADI 15:25 → ERN શનિવાર 02:05
34 કલાક 40 મિનિટ

**12218 Kerala Sampark Kranti**
BRC 01:23 → ERS શુક્રવાર 09:30
32 કલાક 07 મિનિટ

## શુક્રવાર

**20910 PBR–TVCN SF Express**
ADI 03:00 → ERS શનિવાર 12:20
33 કલાક 20 મિનિટ

**16335 GIMB–NCJ Express**
ADI 15:25 → ERN રવિવાર 02:05
34 કલાક 40 મિનિટ

**22654 NZM–TVC SF Express**
BRC 18:20 → ERS શનિવાર 02:35
32 કલાક 15 મિનિટ

**12978 Marusagar Express** ⭐
BRC 23:29 → ERS રવિવાર 05:45
30 કલાક 16 મિનિટ

## શનિવાર

**19578 Jam–TEN Express**
ADI 03:00 → ERS રવિવાર 12:20
33 કલાક 20 મિનિટ

**16337 Okha–ERS Express**
ADI 15:25 → ERS સોમવાર 02:50
35 કલાક 25 મિનિટ

**12218 Kerala Sampark Kranti**
BRC 01:23 → ERS સોમવાર 09:30
32 કલાક 07 મિનિટ

**22634 NZM–TVC Express**
BRC 10:57 → ERS સોમવાર 02:50
33 કલાક 28 મિનિટ

## રવિવાર

**19578 Jam–TEN Express**
ADI 03:00 → ERS સોમવાર 12:20
33 કલાક 20 મિનિટ

**12284 NZM–ERS Duranto**
BRC 09:32 → ERS સોમવાર 18:15
32 કલાક 43 મિનિટ

**12432 TVC Rajdhani** ⭐
BRC 17:37 → ERS સોમવાર 21:25
27 કલાક 48 મિનિટ

## સૌથી ઝડપી ટ્રેનો

1. 12432 TVC Rajdhani — 27 કલાક 48 મિનિટ
2. 12978 Marusagar Express — 30 કલાક 16 મિનિટ
3. 20932 Indb–TVC Express — 31 કલાક 14 મિનિટ

⭐ 22654 NZM–TVC SF Express — 31 કલાક 25 મિનિટ

## મહત્વપૂર્ણ માહિતી

- સમયપત્રક અંદાજિત છે.
- ટ્રેન સમય અને દિવસમાં ફેરફાર શક્ય.
- ટિકિટ પહેલોથી બુક કરો.
- સુરક્ષિત અને આનંદદાયક મુસાફરી કરો.



3AC ટ્રેનથી સફર | સુવિધાજુતક હોટલ | સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ભોજન | ગુજરાતી ટૂર મેનેજર સાથે

ટ્રેન ટિકિટ બુકિંગ માટે ઓછામાં ઓછા 60 દિવસ પહેલાં બુકિંગ કરો.

## Cochin : The Anton Hotel






## Munnar : Hotel Le Celestium





## Thekkady : Idukki Castle Hotel





## Alleppey : Hotel Alleppey Prince





## Trivandrum : Hotel Horizon






**કેરાલા પ્રવાસમાં ઉપરોક્ત દર્શાવેલ હોટલ અથવા સમકક્ષ હોટલ આપવામાં આવશે.**

# કેરાલા પ્રવાસમાં

## ભોજન નો રસથાળ માણો



**રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વાદીષ્ટ શુદ્ધ શાકાહારી**

**ગુજરાતી, કાઠિયાવાડી, રાજસ્થાની, પંજાબી**

**ચટાકેદાર અલ્પાહાર અને ભોજન**



### DAY 1 - DAY 1 - કોચીન

**Dinner**

ફાડા લાપસી, બાસુંદી, મિક્સ ભજીયા, કઢી, મરચાં, મિક્સ શાક, ભરેલા ભીંડા, રસાવાળા મગ, દાળ – ભાત, પુરી / રોટલી, સલાડ, પાપડ, અથાણું, છાસ, મુખવાસ



### DAY 2 - DAY 2 - કોચીન થી મુન્નાર

**Breakfast**

બ્રેડ બટર- બ્રેડ જામ,ચા-કોફી, દુધ, બોર્ન વિટા, આલૂ પરોઠા, દહી, થેપલા, આથેલા મરચાં, નાયલોન ગાંઉિયા, ખાખરા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ

**Dinner**

સુપ, હરા ભરા કબાબ, પનીર ટીકામસાલા, વેજ મખ્ખનવાલા, મગ ની દાળ શીરો, મિની સમોસા, લાલ, લીલી ચટણી, જીરા રાઈસ, દાળ ફ્રાય તડકા, રોટી / પરોઠા, પાપડ, સલાડ, અથાણું, છાસ, મુખવાસ, કોલ્ડ ડ્રિંક

### DAY 3 - DAY 3 - મુન્નાર લોકલ

**Breakfast**

સેવ ઉસલ, પાઉં, લાલ-લીલી ચટણી, ડુંગળી, બટાકા પૌઆ, રતલામી સેવ, મિની ભાખરવડી, ચા-કોફી, દુધ, બોર્ન વિટા, ખાખરા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ

**Lunch**

દૂધી હલવો, બટાકા વડા, ચટણી, મિક્ષ વેજિટેબલ, સફેદ ચોળા, દાળ-ભાત, રોટલી / પુરી, સલાડ, પાપડ, અથાણું, છાસ, મુખવાસ

**Dinner**

ગરમ સુખડી, સેવ ટામેટો નું શાક, રીંગણ નું ભરથુ, લસણીયા બટાકા, ગોળ – ઘી, મરચાં, લીલી ડુંગળી, મસાલા ખીચડી, ગુજરાતી કઢી, બાજરી ના રોટલા, બિસ્કીટ ભાખરી, સલાડ, ખીચીયા પાપડ, અથાણું, છાસ, મુખવાસ

### DAY 4 - DAY 4 - મુન્નાર થી થેકકડી

**Breakfast**

મેથી ના ગોટા, બટાકા પૂરી, મરચાંની પટ્ટી ભજીયા, કઢી, મરચાં, ડુંગરી, દૂધી મુઠિયાં, ખાખરા, ટમ ટમ, ચા-કોફી, દુધ, બોર્ન વિટા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ

**Lunch**

પુરણપોળી, ખમણ, ગ્રીન રાઈતું, બટાકા નું રસાવાળું શાક, ગ્રીન શાક, રસવાલા તુવેર, દાળ – ભાત - રોટલી / પુરી, સલાડ, પાપડ, અથાણું, છાસ, મુખવાસ

**Dinner**

દાળ બાટી, ચુરમા, લસણ ચટણી, રગડા પેટીસ, મિની પિસા, મંચુરીયન, નુડલ્સ, ચાઈનીસ સૂપ મિક્ષ વેજ સબ્જી, પરોઠા, વેજ પુલાવ, મીટ્ઠી કઢી, પાપડ, સલાડ, છાસ, કોલ્ડ ડ્રિંક, મુખવાસ

### DAY 5 - DAY 5 - થેકકડી થી અલેપ્પી

**Breakfast**

વેજ ઉપમા, ખસતા કચોરી, લાલ – લીલી ચટણી, જીણી સેવ, મસાલા સિંગ, ગરમ ખીચું, તેલ, મેથી મસાલો, ખાખરા, ચા-કોફી, દુધ, બોર્ન વિટા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ

**Lunch**

દૂધપાક, કટલેસ, ચટણી, ગ્રીન શાક, કાજુ કારેલાં શાક, મગ ની છુટી દાળ, કઢી – ભાત, રોટલી / પુરી, સલાડ, પાપડ, અથાણું, મુખવાસ

**Dinner**

પાણી પુરી, મસાલા ભેળ, છોલે ભટુરે, પાવભાજી, વેજ પુલાવ, સલાડ, અથાણું, છાસ, લસણ ચટણી, પાપડ, કોલ્ડ ડ્રિંક્સ, મુખવાસ

### DAY 6 - DAY 6 - અલેપ્પી થી ત્રિવેન્દ્રમ

**Breakfast**

બ્રેડ બટર- બ્રેડ જામ, પુરી-ભાજી, ઈડલી, સંભાર, મેંદુવડા, ચટણી, મિક્ષ ચવાણું, ખાખરા, ચા-કોફી, દુધ, બોર્ન વિટા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ

**Dinner**

ગુલાબ જામુન, વેજ સૂપ, પાલક પનીર, વેજ જયપુરી, રોટી / પરોઠા, જીરા રાઈસ, દાળ ફ્રાય તડકા, સલાડ, અથાણું, છાસ, લસણ ચટણી, પાપડ, આઈસક્રીમ, મુખવાસ

### DAY 7 - DAY 7 - ત્રિવેન્દ્રમ થી કન્યાકુમારી

**Breakfast**

ફાફડા, જલેબી, કઢી, મરચાં, થેપલા, સુખી ભાજી, આથેલા મરચાં, અથાણું, ખાખરા, ચા-કોફી, દુધ, બોર્ન વિટા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ

**Dinner**

ફ્રુટસલાડ, સેવ રોલ, દેશી ચણા, કોબીજ – વટાણા - ટામેટો નું શાક, કઢી-ભાત, સાક, કઠોળ, રોટલી / પુરી, સલાડ, પાપડ, અથાણું, મુખવાસ

### DAY 8 - DAY 8 - ત્રિવેન્દ્રમ ટુર સમાપ્ત

**Breakfast**

બ્રેડ બટર- બ્રેડ જામ, મગ પૂરી, બ્રેડ પકોડા, ચટણી, ગરમ ઢોકળા, ફરસીપૂરી, ચા-કોફી, દુધ, બોર્ન વિટા, ખાખરા, કોર્નફ્લેક્સ, બિસ્કીટ





★ **નોંધ :** ઉપરોક્ત આપેલું મેનુ જનરલ છે, તેમાં વસ્તુની અનુકુળતા અને સમય સંજોગ અનુસાર ફેરફાર કરવાનો હક્ક ટુર મેનેજર અને કંપની નો રહેશે, તેમાં પ્રવાસી ની કોઈપણ જાતની તકરાર કરવી નહી.



# માહિતી, નિયમો અને વ્યવસ્થા જરૂરથી વાંચવા સમજવા જરૂરી છે.

See World with us..... Since 1998
BHARAT DARSHAN TRAVELS
Domestic & International Tour Organizer

- **અહી દર્શાવેલ નોંધ / સૂચનાઓ / માહિતી ધ્યાનથી વાંચવી / સમજવી અને તે બાબતમાં કોઈપણ જાતના ખુલાસા / પુછપરછની જરૂર જણાય તો પ્રવાસ શરૂ થતા અગાઉ ઓફિસનો સંપર્ક સાધવો. બાદમાં અમોને માહિતી મળી નથી / ખબર નથી કે સમજ પડી નથી જેવી કોઈ ગેરસમજ થાય નહીં.**

**રેલ્વે / એર બુકિંગ વ્યવસ્થા :**

ભારત દર્શન ટ્રાવેલ કંપની પ્રવાસમાં જોડાતા દરેક પ્રવાસીઓને રેલ્વે / એર બુકિંગની સંપૂર્ણ માહિતી આપશે. રેલ્વે / એર બુકિંગના કોઈપણ ચાર્જીસ / રકમ અમારા પ્રવાસોની રકમમાં સામેલ નથી. તે અલગથી પ્રવાસીઓએ સ્વખર્ચે પોતાની જાતે જ કરાવવાની રહેશે. રેલ્વે / એર કેન્સલ થાય કે કોઈપણ ફેરફાર થાય તેવા સંજોગોમાં પ્રવાસીએ ભરેલી રકમ પરત આપવામાં આવશે નહી.

**ટુર બુકીંગ વ્યવસ્થા:**

પ્રવાસોનાં બુકીંગ માટે ૧ વ્યક્તિ દીઠ રૂા. ૫૦૦૦/- (નોન રીફંડેબલ) ભરવાનાં રહેશે. વિમાન પ્રવાસોનાં બુકીંગ માટે ૧ વ્યક્તિ દીઠ રૂા. ૨૦૦૦૦/- ભરવાનાં રહેશે. રેલ્વેનાં કે વિમાનનાં કન્ફર્મ રીઝર્વેશન મેળવવા માટે ૬૦ દિવસ પહેલાં સમયસર બુકીંગ કરાવવું હિતાવહ છે. પ્રવાસનાં ૧૦ દિવસ પહેલાં ફાઈનલ પેમેન્ટ જમા કરાવવું ફરજીયાત છે. અન્યથા તે પ્રવાસી પ્રવાસમાં જોડાવવાના નથી તેમ સમજીને તેમનાં નામ, હોટલ તથા અન્ય વ્યવસ્થાઓ કેન્સલ કરવામાં આવશે અને ભરેલાં પેમેન્ટનું કોઈપણ રીફંડ મળશે નહીં.

**વાહન વ્યવસ્થા:**

ગ્રુપ પ્રવાસમાં પ્રવાસીઓની સંખ્યા મુજબ તેટલા જ સીટની 2 x 2 A. C. Bus આપવામાં આવશે, જેમાં ફરજીયાત રોટેશન સિસ્ટમ મુજબ બેસવાનું રહેશે. બસની ડેકી નાની હોવાથી ઓછામાં ઓછો લગેજ લેવો. વાહનનાં પંક્ચર, બ્રેકડાઉન, એ.સી.નું બગડવું જેવા ટેકનિકલ કે આકસ્મિક કારણોસર ક્યારેક થોડીક મુશ્કેલી પડે તો તે અંગે કોઈપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહીં. પ્રવાસનાં સ્થળોએ ફક્ત એક વખત લઈ જવામાં આવશે, કોઈપણ સ્થળ બંધ હશે કે હડતાળ હશે તો ફરીથી લઈ જવામાં આવશે નહીં. અમારા રૂટ અને આઈટનરી સિવાય અન્ય કોઈપણ સ્થળે લઈ જવામાં આવશે નહીં. હોટલ કે વાહનમાં રેઢી મુકેલ કિંમતી વસ્તુ જેવી કે મોબાઈલ, કેમેરા, ઘરેણાં કે અન્ય કિંમતી લગેજ ગુમ થાય, ભુલી જવાય, ખોવાઈ જાય કે ચોરાઈ જાય તો તેની જવાબદારી પ્રવાસીની જ રહેશે. પ્રવાસમાં ઘણા દર્શનીય સ્થળોએ લોકલ ટેક્ષી સંગઠન - No Entry જેવા નિયમોને લઈને આપણું વાહન દરેક સ્થળે જઈ નથી શકતું તો તેવા સ્થળોએ પ્રવાસીઓએ (સ્વખર્ચે) જવાનું રહેશે.જો પ્રવાસીઓની સંખ્યા ઓછી હશે તો પ્રવાસીઓની સંખ્યા મુજબ અન્ય પ્રવાસીઓ સાથે શેરીંગમાં નાનું વાહન ફાળવવામાં આવશે.જેનું કોઈપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહીં.

રેલ્વે સ્ટેશન અથવા એરપોર્ટ થી પ્રવાસીની સંખ્યા મુજબ એક સમય પર (One Time) પીકઅપ અને ડ્રોપ ની વ્યવસ્થા આપવામાં આવશે.

દરેક પ્રવાસોમાં કંપની દ્વારા કરવામાં આવેલ વાહન વ્યવસ્થામાં પ્રવાસીઓ એ કરાવેલ પ્રવાસના બુકિંગ તારીખ પ્રમાણે સીટીંગ એરેજમેન્ટ કરાવવામાં આવશે. અમારી કંપની દ્વારા કોઈપણ પ્રવાસીને અન્યાય ન થાય તેનું અમે પુરતું ધ્યાન આપીશું. પ્રવાસીએ કરાવેલ બુકિંગની તારીખ તમારા કોન્ટ્રાક્ટ ફોર્મમાં દર્શાવેલ છે. તે પ્રમાણે જ અમોએ સિટિંગ વ્યવસ્થા ગોઠવેલ છે. તો દરેક પ્રવાસીએ સાથ સહકાર આપવા વિનંતી ઉંમર લાયક પ્રવાસીને અન્ય પ્રવાસીઓએ માણસાઈ ખાતર શક્ય આગળ વ્યવસ્થા કરી આપવા વિનંતી છે. પ્રવાસમાં જોડાનાર દરેક પ્રવાસી સાથે પ્રેમભાવ તથા એકબીજાને મદદરૂપ થઈ પ્રવાસપૂર્ણ કરવા વિનંતી.

**હોટલ વ્યવસ્થા:**

દરેક પ્રવાસમાં રાત્રિ રોકાણ દરમ્યાન બે આખી ટિકિટ દીઠ સ્વતંત્ર (ડબલ બેડ) રૂમ આપવામાં આવશે. પ્રવાસીએ બુકીંગ કરાવેલ ત્રણ-ચાર વ્યક્તિના બુકીંગ પ્રમાણે રૂમ લેનારને ડબલ બેડના રૂમમાં એક જ એકસ્ટ્રા મેટ્રેસ (પલંગ વગર)ની સગવડ આપવામાં આવશે. તેથી સંકડાણ તો પડશે જ એટલે તેની ફરીયાદ પણ કરશો નહીં. બીજી એકસ્ટ્રા મેટ્રેસ નંખાવવાની જો જરૂર લાગે તો હોટલનાં કાઉન્ટર ઉપર ડાયરેક્ટ એક રાત્રીનાં આશરે રૂા. ૭૦૦/- થી વધુ ચુકવવાથી તે સગવડ પણ મળી રહેશે. (વેકેશન કે પીક-સીઝન દરમ્યાન ધસારાનાં કારણે ત્યાં વધારાનો બીજો રૂમ મળશે નહીં, તેથી અહીંથી જ બરોબર વિચારીને રૂમની સંખ્યા નક્કી કરી લેવી હિતાવહ છે.) દરેક સ્થળોએ રૂમ એલોટમેન્ટ હોટલ તરફથી રહેશે, હોટલનો ચેક-ઈન ટાઈમ બપોરે ૧૨.૦૦ નો છે અને ચેક-આઉટ ટાઈમ સવારે ૧૧-૦૦ નો છે. આપનાં રેલ્વે કે વિમાનની ટિકીટનાં શીડયુલ સાથે હોટલ મેનેજમેન્ટને કાંઈ જ લેવા દેવા નથી, તેથી અમારા નક્કી કરેલ શીડયુલ, સમય કે તારીખ પહેલાં કોચીન વહેલાં પહોંચેલા પ્રવાસીઓએ ચા-નાસ્તો કે ભોજન કે રોકાણની તમામ વ્યવસ્થા સ્વમેળે અને સ્વખર્ચે જ કરવાની રહેશે અથવા હોટલની લોબીમાં રૂમ ખાલી થાય ત્યાં સુધી અથવા બપોરે ૧૨-૦૦ સુધી રાહ જોવી જ પડશે. મુન્નાર અને થેક્કડી ઠંડા હીલ સ્ટેશન હોવાથી ત્યાં એ.સી. રૂમ મળશે નહીં. પ્રવાસીઓએ અમારી હોટલની વિગતો તથા અન્ય માહિતી ઈન્ટરનેટ ઉપરથી મેળવી લેવી. એલપ્પી માં અલગ અલગ હાઉસબોટમાં રૂમ આપવામાં આવશે.

પ્રવાસ માહિતીની પુસ્તિકામાં દર્શાવેલ રહેઠાણ વ્યવસ્થા (હોટલ) સંભવિત છે. કંપનીનો આગ્રહ દર્શાવેલ ડિલક્ષ - સારી હોટલમાં જ રાત્રિ રોકાણ આપવાનો હોય છે. તેમ છતાં જો રહેઠાણ વ્યવસ્થામાં ફેરફાર થાય તો અન્ય સ્થળે રહેઠાણ વ્યવસ્થા આપવામાં આવશે. દરેક પ્રવાસીઓએ તે માન્ય રાખવામાં આવશે. અને તે બાબતે કોઈપણ જાતનું રિફંડ કે વળતર મળશે નહી.

ગ્રુપ પ્રવાસ દરમ્યાન દરેક સ્થળોએ એક સરખી સગવડતા કે એક સરખા વ્યુ વાળી હોટલો હોતી નથી. પ્રવાસીઓએ એક જ સાથે કે એક જ માળે રૂમ આપવા શક્ય નથી. તો તેવી માંગણી કરવી નહીં. રૂમ વિતરણની વ્યવસ્થા કંપનીના ટુર મેનેજર દ્વારા કરવામાં આવશે જે પ્રવાસીને માન્ય રહેશે.

**ભોજન વ્યવસ્થા:** કેરાલામાં પ્રવાસ દરમ્યાન અમારાં પોતાનાં જ ફીક્સ રસોડાઓ હોવાથી અમારા પોતાના રસોઈયાના હાથે બનાવેલું આપને દરરોજ એક સમય ચા-નાસ્તો અને બે સમય સ્વાદિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ ગુજરાતી, પંજાબી, કાઠીયાવાડી, સાઉથ ઇન્ડીયન તેમજ સ્વીટ ડીશ સાથેનું ભોજન પીરસવામાં આવશે.કોઈપણ રૂમ સર્વિસ તેમજ મિનરલ વોટર સ્વખર્ચે જ રહેશે. **અથીરાપલ્લી વોટર ફોલ્સ - જટાયુ પાર્ક - કન્યાકુમારીમાં બપોરનું ભોજન સ્વખર્ચે**

**પીક-અપ અંગેની જાણકારી :**

દરેક પ્રવાસીઓએ અહીં જણાવેલ તારીખોમાંથી તેમને અનુકુળ હોય તેવી તારીખની પસંદગી કરીને વિમાન દ્વારા અમદાવાદથી સ્વખર્ચે અને સ્વમેળે ડાયરેક્ટ કોચીન એરપોર્ટ પહોંચવાનું રહેશે. કોચીન એરપોર્ટથી હોટલ ૩૫ કિ.મી. દુર આવેલી હોવાથી એરપોર્ટથી પીક–અપ કરવા માટેની કોઈપણ વ્યવસ્થા કંપની તરફથી આપવામાં આવશે નહીં, પરંતુ પ્રવાસીઓએ એરપોર્ટનાં પ્રિ–પેઈડ ટેક્ષી કાઉન્ટર ઉપરથી સ્વખર્ચે ટેક્ષી કરીને અમારી હોટલ ઉપર પહોંચવાનું રહેશે અને ત્યાંથી નીચે જણાવેલ પ્રોગ્રામ મુજબ અમારી કંપનીની સર્વિસ અને સગવડો શરૂ થશે.

**ટુર કેન્સલેશન :**

તમામ પ્રવાસોનાં કેન્સલેશન માટે ટુર બુકીંગ કરાવનાર વ્યકિત તરફથી લેખિતમાં ટુર કેન્સલેશન માટેની અરજી મળ્યા બાદ જ પ્રવાસ કેન્સલ કરવામાં આવશે. પ્રવાસ ઉપડવાની તારીખથી ૬૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. ૨૦૦૦/– કપાશે, ૩૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. ૫૦૦૦/– કપાશે પરંતુ ૩૦ દિવસની અંદર બુકીંગ રદ કરાવનારને કોઈપણ પ્રકારનું રીફંડ મળશે નહીં. કોઈપણ સંજોગો દરમ્યાન ટ્રેન કે ફલાઈટ કેન્સલ થાય કે રીશીડયુલ્ડ થાય તો તેનાં કેન્સલેશનની તેમજ તેનું ફરીથી રીઝર્વેશન કરાવવાની સંપૂર્ણ જવાબદારી પ્રવાસીની રહેશે. વિમાનની ગ્રુપ ટિકીટ નોનરીફંડેબલ હોવાથી તેનું કેન્સલેશન થતું નથી. જ્યારે પ્રવાસી ટુર બુકીંગ કરાવે છે ત્યારે તેમનાં પરિવારને સારી અને સમયસર સગવડો મળી રહે તે માટે અમે પણ અગાઉથી હોટલ બુકીંગ, વાહન બુકીંગ સારા રસોડા સ્ટાફ અને સારા ટુર મેનેજરને એડવાન્સમાં રકમ આપીને બુક કરાવતાં હોઈએ છીએ, પરંતુ કોઈપણ કુદરતી અથવા માનવ સર્જીત અને અચાનક ઉભા થયેલાં અસામાન્ય અને મુશ્કેલ સંજોગો જેવા કે પુર, ધરતીકંપ, વાદળ ફાટવું, ભૂસ્ખલન, રાજકીય અસ્થિરતા, બંધ, હડતાળ, તોફાનો,આતંકવાદી હુમલો, ટ્રેન કે ફલાઈટ રીશીડયુલ થવી કે કેન્સલ થવી કે માંદગી, સ્વજનનું અવસાન અથવા હાલમાં ઉધભવેલ કોરોના જેવી મહામારીના કારણે કે જેને આપણે સામાન્ય શબ્દોમાં "ACT OF GOD" જેવાં અન્ય કોઈપણ કારણસર જો ટૂર અથવા રદ કરવી પડે તેવી પરિસ્થિતીમાં અમને પણ આગળ એડવાન્સમાં ચુકવેલ નાણાં તેમજ જાહેરાત અને ઓફિસ ખર્ચના નાણાં પરત મળતાં નથી, તેવા સંજોગોમાં પ્રવાસીદીઠ રૂા. ૨૦૦૦ એડમીનીસ્ટ્રેશન ખર્ચ તરીકે કટ કર્યા બાદ બાકીના રૂપિયાની ક્રેડીટ નોટ જ આપવામાં આવશે. તેની તમામ પ્રવાસીએ ખાસ નોંધ લેવી. તેથી જો ટુર રદ થાય કે કરવી પડે તો આપે ભરેલી રકમની એક વર્ષની વેલીડીટી ધરાવતી ક્રેડીટ નોટ આપવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં કેશ કે ચેક રીફંડ મળશે નહીં. આ ક્રેડીટ નોટ દ્વારા પ્રવાસી અમારા અન્ય કોઈપણ પ્રવાસમાં જોડાઈ શકે છે. ૧ વર્ષ પછી ક્રેડીટ નોટ આપોઆપ રદ થશે અને તેનું કોઈપણ જાતનું રીફંડ મળશે નહીં.

**ખાસ માહિતી અને નિયમો :**

(૧) કોઈપણ કારણસર પ્રવાસ તારીખમાં ફેરફાર થાય, રદ થાય કે પ્રવાસનું શીડયુલ ખોરવાઈ જાય તો તમારી રેલ્વે ટિકીટ નાં નુકશાન અંગે કંપનીની જવાબદારી રહેશે નહીં. ખરાબ તબિયત, અવસાન કે કોઈપણ કારણોસર પ્રવાસી જો અધ્ધ વચ્ચેથી પ્રવાસ છોડશે તો તેમને વળતર કે રીફંડ આપવામાં આવશે નહીં.

(૨) ડીસ્કાઉન્ટવાળી એર ટિકીટ અને ગ્રુપ ટિકીટ નોન રીફંડેબલ અને નોન ચેન્જેબલ રહેશે, એક વખત નામનું બુકીંગ કરાવ્યા પછી તેમાં તારીખ કે નામમાં ફેરફાર થઈ શકશે નહીં. તેનાં કેન્સલેશનનાં નિયમો અવશ્ય સમજી લેવા. બુકીંગ સમયે તમામ પ્રવાસીઓએ ફોટાવાળા આઈ. ડી. પ્રુફની ઝેરોક્ષને તેમની સહી કરીને આપવી અને પ્રવાસ દરમ્યાન તેની જ ઓરીજીનલ કોપી હંમેશા સાથે રાખવી ફરજીયાત છે. (ઝેરોક્ષ કોપી વેલીડ ગણાતી નથી)

(૩) કોમળ પ્રકૃતિવાળા, માનસિક અસર થતી હોય તેવા, શારિરીક તકલીફવાળા, વિચિત્ર સ્વભાવવાળા, ઝગડાળું, ઘમંડી, ઉધ્ધત કે દાદાગીરી કરીને ભરેલાં રૂપિયા કરતાં પણ વધુ સગવડોની માંગણી કરનાર, પ્રવાસનાં સંચાલનમાં અવરોધ ઉભા થાય તેવી ઉશ્કેરણીજનક પ્રવૃતિઓ કરનાર, અન્ય પ્રવાસીઓને કે ટુર મેનેજમેન્ટને ધાક–ધમકી આપનાર કે અપશબ્દો બોલનાર અસામાજીક અને દારૂ પીનાર વ્યક્તિઓએ પ્રવાસમાં જોડાવવું જ નહીં, તેમ છતાં પણ પ્રવાસ દરમ્યાન આવી હરકત કરનાર પ્રવાસીને અન્ય પ્રવાસીઓનાં હિંત અને બહેનો તથા દિકીરીઓનાં સન્માન અને સલામતી ખાતર ચાલુ પ્રવાસ દરમ્યાન અધવચ્ચે ઉતારી દેવામાં આવશે જેનું રીફંડ મળશે નહીં.

(૪) ૧ પ્રવાસી દીઠ ૧૨ કિલો લગેજની હેરફેર કંપની / હોટલનાં માણસો કરશે, તેનાથી વધારાનાં લગેજને ઉચકવાની જવાબદારી પ્રવાસીની રહેશે.

(૫) ઉપર જણાવેલ મળવાપાત્ર સગવડો સિવાયની અન્ય કોઈપણ વધારાની સગવડોનો અમારી પ્રવાસ કિંમતનાં બજેટમાં સમાવેશ કરેલ નથી, તેથી તેની માંગણી પણ કરશો નહીં જેથી કોઈપણ જાતનો વિવાદ કે મન દુ:ખ થાય નહીં. વધારાની સગવડો મેળવવા અંગે વધારાનાં રૂપિયા ખર્ચ કરવાની આપની તૈયારી હોય તો પણ તેની વ્યક્તિગત વ્યવસ્થા કરવાની કોઈપણ જાતની જવાબદારી અમારી નથી. અન્ય કોઈપણ વધારાની સગવડો જેવી કે ગાઈડ, બક્ષીસ, માલીશ–મસાજ, રૂમ હીટર, ઘોડા,ડોલી, કુલી ચાર્જ, ટેક્ષી, સ્પીડ બોટ, બોટીંગ, એલીફન્ટ રાઈડ, લોન્ડ્રી, રૂમ સર્વિસ, એ.સી. વાહન, એન્ટ્રી ફી, મનોરંજન પ્રોગ્રામોની ટિકીટો, શોપીંગ ઉપરાંત એર ટિકિટ, રેલ્વે ટિકિટ, ટિકીટ એજન્ટ, રેલ્વે મુસાફરી દરમ્યાન ચા–નાસ્તો કે ભોજનની વ્યવસ્થાનો ખર્ચ, પ્રવાસ દરમ્યાન કુદરતી કે આકસ્મિક ઈજા, મૃત્યુ, હાર્ટફેઈલ કે અન્ય ગંભીર બિમારી કે ઈજા માટે દવા તથા ડોક્ટરનો ખર્ચ, હોસ્પીટલનો ખર્ચ, કોફીન દ્વારા મૃત દેહ અને તેમનાં પરિવારજનોને અમદાવાદ પરત લાવવાનો વિમાન ટિકીટનો ખર્ચ કે અન્ય ખર્ચ, વિલ, વિમો, વળતર અને વારસદારની વ્યવસ્થા, તેમજ રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળોએ પોતાનો માલસામાન ઉંચકવાની તથા સાચવવાની જવાબદારીઓ તથા તેની હેરફેર માટેનો તમામ કે અન્ય વ્યક્તિગત ખર્ચ પ્રવાસીઓએ જાતે જ ચુકવવાનો રહેશે.

(૬) પ્રવાસ આયોજન એ સર્વિસનો વ્યવસાય છે જેમાં હોટલો તથા ટ્રાન્સપોર્ટરો સાથેનાં અમારા કાયમી સંપર્કો અને મોટા વોલ્યુમનાં કારણે અમારા કરતાં પ્રવાસીઓને જ હંમેશા વધુ ફાયદો થતો હોય છે, અમે ઓછી કિંમતમાં સારી હોટલ, સારી સર્વિસ, સારૂં ભોજન, સારૂં વાહન અને પ્રવાસ કિંમતમાં સારો ફાયદો આપતાં જ હોઈએ છીએ, જે માટે અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓની સેવા લેવામાં આવે છે, જેનાં ઉપર કોઈપણ પ્રવાસ આયોજકનું કોઈ સીધું નિયંત્રણ હોતું નથી. સ્થળ, સમય અને સંજોગ પ્રમાણે ક્યારેક પ્રવાસમાં અગવડતા–સગવડતા રહેતી હોય છે. પ્રવાસ વ્યવસ્થા માટે થયેલ મન દુ:ખ અંગે કોઈ કાનુની કાર્યવાહી કરવી પડે તો તેનું **ન્યાય ક્ષેત્ર ફક્ત અમદાવાદ ની નામદાર કોર્ટમાં** જ રહેશે.

**દરેક પ્રવાસીઓએ પ્રવાસ બુકિંગ, હોટલ રોકાણ અને રેલ્વે / એર મુસાફરી દરમ્યાન ફોટો, સરનામાવાળું અસલ ઓળખપત્ર સાથે રાખવું ફરજીયાત છે.**

**આભાર....**

# We Organise



Honeymoon Couple Tour



Family Tour




Package Tour



Corporate Tour



Hotel Booking



International Tour